

## 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૯)

કલકત્તા
૫-૭-૫૩

**ધર્મપ્રેમી... નિહાલચંદ્રના ધર્મસ્નેહ.**

આપનું કાર્ડ મળ્યું. અગાઉનો પત્ર કંઈક ચિંતા-અવસ્થામાં લખાયો હતો-આ કારણે કદાચ આપને એવો ખ્યાલ આવ્યો હોય એમ લાગે છે. જે સામાન્ય ધ્રુવ-સ્વભાવમાં ચિંતા કે અચિંતા-એવા બંને પર્યાયોનો જ અભાવ છે-તેના આશ્રયે બિચારી અલ્પ ચિંતાની સ્થિતિ જ કેટલી !

'પૂજ્ય ગુરુદેવ'ના અનુભવરસથી નીતરતી વાણી ત્યાં કર્તા-કર્મ અધિકારની વર્ષા કરી રહી છે – અહા ! આપની આ હાર્દિક ભાવનાનું હું હૃદયથી સ્વાગત કરું છું કે, તમારા બધાની સાથોસાથ હું પણ એ વર્ષામાં સ્નાન કરું.' અરે વિકલ્પ ! જો તને તારું આયુ પ્રિય હોય તો બીજા બધાને ગૌણ કરીને 'ગુરુદેવ'ના સમાગમમાં લઈ ચાલ, નહિતર તેમણે આપેલું વીતરાગ અસ્ત્ર જલદીથી જ તારો અંત કરી નાખશે.

સ્વસંગ, ગુરુસંગ તેમ જ મુમુક્ષુસંગ સિવાય બીજા સંગ નહીં ઇચ્છવા છતાં પણ, અરે પ્રારબ્ધ ! વિષ સમાન સંગમાં રહેવું પડે છે એનો ખેદ છે.

પૂરેપૂરો પ્રયત્ન છે કે, યોગ મળતાં જ તરત ત્યાં આવું, પરંતુ અત્યારે કોઈ નજીક સમય દેખાતો નથી છતાં પણ પ્રયત્ન પૂરો છે.-બધાંનો યથાયોગ્ય.

**ધર્મસ્નેહી નિહાલચન્દ્ર**

### કરુણાસાગર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની ૮૫મી જન્મ જયંતી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ

મુમુક્ષુજીવોના પરમ તારણહાર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની આગામી ૮૫મી જન્મ જયંતી માગશર સુદ-૫, તા. ૨૩-૧૧-૧૭ થી માગશર સુદ-૮, તા. ૨૭-૧૧-૧૭ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંડલ વિધાન પૂજન, પૂજ્ય ભાઈશ્રીનાં ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડીયો સી.ડી. તત્ત્વચર્ચા, ભક્તિ, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવશે. તથા તા. ૨૬-૧૧-૧૭ના દિવસે જિનેન્દ્ર રથયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવશે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુએ ટ્રસ્ટના કાર્યાલયમાં અગાઉથી સૂચના આપવા વિનંતી છે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

કાર્યક્રમ સ્થળ : 'શ્રી શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર' પ્લોટ નં. ૧૯૪૨બી, શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૧

સંપર્ક : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર-૩૬૪૦૦૧,

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૪ : અંક–૨૩૯, વર્ષ–૨૨, ઓક્ટોબર–૨૦૧૭


## અષાઢ સુદ ૪, બુધવાર, તા.૨૨-૬-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૪૧, પ્રવચન-૧૫

૪૦ ગાથા. '**જ્ઞાનીને દરેક જગ્યાએ આત્મા જ દેખાય છે.**' આ દેહમાં બિરાજમાન ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદ (છે). આ દેહાદિ, વાણી આદિ તો જડ છે, આ તો માટી છે. રાગાદિ ભાવ થાય એ તો વિકાર, દોષ છે, એ આત્મા નથી. તો આત્માના જાણનારને બધે આત્મા જ ભાસે છે. એ વાત અહીંયાં વધારે કહે છે.

**को सुसमाहि करउ को अंचउ, छोपु-अछोपु करिविको वंचउ।**
**हल सहि कलहु केण समाणउ, जहिं कहिं जोवउ तहि अप्पाणउ।।४०।।**

જુઓ! અહીં જોર છે. જ્યાં જોઈએ ત્યાં આત્મા દેખાય છે. '**કોણ સમાધિ કરે, કોણ અર્ચા કે પૂજન કરે...**' ભગવાનઆત્મા જ્ઞાન ચૈતન્યસૂર્ય પ્રભુ આત્મા છે, એમ જ્યાં અંતરમાં ભાસ્યું, હવે એને સમાધિ કરું એ ક્યાં રહ્યું? સ્વરૂપ જ જ્ઞાન છે. હું આનંદ અને જ્ઞાનસ્વરૂપી આત્મા છું. એમ જ્યાં ભાસ્યું ત્યાં એને બીજા બધા આત્મા પણ જ્ઞાન અને આનંદમય છે એમ ભાસે છે. સમજાણું કાંઈ?

આ આત્મા જ જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. આ શરીર, વાણી તો જડ છે, માટી છે. દયા, દાન, કામ, ક્રોધના શુભ-અશુભભાવ થાય એ તો વિકાર છે. એ વિકાર વિનાનો આત્મા અંતર જ્યાં જાણ્યો, કહે છે કે, એણે હવે શું કરવું રહ્યું? સમજાણું કાંઈ? હવે '**કોણ સમાધિ કરે...**' સમાધિ એટલે આમ સ્થિર થાઓ. જાણ્યું કે આત્મા છે, એમાં સ્થિર થયો જ છે. સમજાણું કાંઈ?

'**કોણ અર્ચા કે પૂજન કરે...**' પોતે ભગવાન જ્ઞાનસ્વરૂપી આનંદમૂર્તિ, એનું જ્યાં ભાન થયું, એ આત્મા હું જ પોતે પરમાત્મસ્વરૂપનો ધરનાર, કોની અર્ચા ,પૂજા કરવી એને હવે? પૂજા અને અર્ચા પરની જે કરતો એ તો શુભભાવ હતો. ભગવાનની પૂજા અને અર્ચા એ તો શુભ પુણ્યભાવ હતો. એ પુણ્યભાવ જ્યાં હું નથી. હું તો જ્ઞાનસ્વરૂપી ચિદાનંદ આત્મા છું એમ ભાન થતાં એ કોની પૂજા કરે? એ તો પોતાની પૂજા કરે છે. આહાહા..! અર્ચા.. અર્ચા છે ને? કોને અર્ચે? ભગવાન અર્ચે છે ને? પૂજા કરે છે. એ તો શુભભાવ હોય છે ત્યારે હોય. પણ જ્યાં આત્મા જ શુભભાવથી ભિન્ન ભાસ્યો, ચૈતન્યસ્વરૂપે ભાસ્યો અને એમાં ઠર્યો તો એ પોતે પોતાનું પૂજન કરે છે, પોતે પોતાને અર્ચે અને બહુમાન આપે છે. હવે એને બીજાનું પૂજન કરવાનું રહ્યું નહિ. સમજાણું કાંઈ?

'**કોણ સ્પર્શ અસ્પર્શ...**' કરે. સમજાણું? આ અમુક હાથનો સ્પર્શ કરવો છે, અમુક હાથનો સ્પર્શ નહિ કરવો. આ સ્પર્શ કરવા યોગ્ય છે, આ અસ્પર્શ કરવા યોગ્ય છે, આ અડવા યોગ્ય નથી. આ અડવા

યોગ્ય નથી, આ અડવા યોગ્ય છે. પણ વસ્તુનું જ્ઞાનસ્વરૂપમાં એ છે ક્યાં? કોને સ્પર્શે અને કોને અસ્પર્શે? સ્પર્શ-અસ્પર્શની બુદ્ધિ તો બાહ્ય લૌકિકમાં છે. ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણાનંદનું સ્વરૂપ જ્યાં પોતે જ આત્મા સચ્ચિદાનંદ છે, એમ અંતરમાં ભાનના ભાસ અને ભાવ પ્રગટ્યા (તો) કહે છે કે, કોની સાથે સ્પર્શ-અસ્પર્શ? પછી આ ચીજને અડાય નહિ, આ માંસને અડાય નહિ. પાણીને અડાય, ચોખ્ખી ચીજને (અડાય). એ વસ્તુમાં ક્યાં રહ્યું ઈ? સમજાણું કાંઈ? **'છોપુ-અછોપુ કરિવિ'** છે. કોણ સ્પર્શ કરે? વસ્તુ જ ભગવાનઆત્મા પોતાના ચૈતન્યમંદિરમાં બિરાજમાન છે, એને જ્યાં અંતર જાણ્યો, જોયો, અનુભવ્યો એવા આત્માને હવે સ્પર્શ-અસ્પર્શ કાંઈ રહેતું નથી. સમજાણું કાંઈ?



**'को वंचउ'** કોણ વંચના કે માયાચાર કરે?' ભગવાનઆત્મા જાણનાર-દેખનાર ચિદબિંબ છે, એમ આત્માનું ભાન થયું તો બીજા આત્માઓ પણ એવા છે. બીજા દેહમાં બિરાજમાન આત્મા પણ દેહ, વાણીથી જુદાં, આ માટીથી જુદાં છે અને એ રાગ-દ્વેષથી પણ જુદો અંદર ચૈતન્ય આનંદ છે. કોને ઠગું અને કોને ઠગું નહિ? એવું કાંઈ એમાં રહેતું નથી. આહાહા..! **'કોણ વંચના કે માયાચાર કરે?'** કોની સાથે માયાચાર કરે? બધા ભગવાનઆત્મા ચૈતન્યજ્યોત પ્રભુ આત્મા છે, આનંદની મૂર્તિ તે આત્મા છે. વિકાર અને શરીર તે આત્મા નથી. એમ જેણે આત્માને જાણ્યો (એ) કોને ઠગે? કોની સાથે માયા કરે? બધા ભગવાન ભાળે એમાં માયા કોની સાથે કરે? એમ કહે છે. આહાહા..!

ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ..! આ 'યોગસાર' છે. ચૈતન્ય ભગવાન જ્ઞાન અને આનંદનો સાગર પ્રભુ (છે) એમ જ્યાં યોગ નામ પોતાના ભાવનું જોડાણ જ્યાં સ્વભાવ સાથે થયું, હવે એ બીજાની સાથે માયાચાર, વંચના કરવાનું ક્યાં રહ્યું? સમજાણું કાંઈ? એ આત્માને જાણતો નહોતો ત્યાં સુધી એ માયાચાર કરતો. કાંઈ દોષનું ગોપવું, આને આમ બતાવું, આને આ બતાવું, એ તો આત્માને જાણતો નહોતો કે, આત્મા એવો છે જ નહિ. રાગ-દ્વેષ ને માયાકપટ એ માયા આત્માનું સ્વરૂપ જ નથી. એ આત્માને જાણતા કોણ માયાચાર કરે?

**'કોણ કોની સાથે મૈત્રી અને કલહ કરે?'** શત્રુ.. શત્રુ. ઓહોહો..! આ આત્મા દેહના રજકણથી જુદો અને પુણ્ય-પાપના રાગથી જુદો, એમ જ્યાં જ્ઞાનસ્વરૂપી આત્માનું ભાન (થયું) એ કોની સાથે મૈત્રી કરે? બધા પરમાત્મા છે, મૈત્રી કોની સાથે કરવી? કહો, ભાઈ' કોનું ભજન કરવું? એમ કહે છે. એ ભજન કરનારો ભગવાન જાગ્યો, ચૈતન્યમૂર્તિ હું છું. આનંદનો કંદ, એ અતીન્દ્રિય આનંદના મણકા અંદર ફેરવે છે. આહાહા..! સમજાણું કાંઈ? દેહથી, આ રજકણો માટી ધૂળ, રાગ મેલ (છે). નિર્મળાનંદ પ્રભુ આત્મા તે હું એમ જ્યાં અંતરમાં ભાસ્યુ એને તો નિર્મળ જ્ઞાન અને આનંદના મણકા પર્યાયમાં ફરે છે. કોને ફેરવવા? કઈ માળા એણે ગણવી? કોની માળા ગણવી? આહાહા..! કોની સાથે મૈત્રી કરવી? સમજાણું કાંઈ? કોની સાથે ક્લેશ કરવો?

'**कलहु**' એટલે શત્રુતા. કોની સાથે ક્લેશ કરે? ભગવાનઆત્મા શાંત આનંદ જ્ઞાનમૂર્તિ તેને આત્મા કહીએ. એવો શાંત સ્વભાવ જ્યાં જણાણો (ત્યાં) કોની સાથે ક્લેશ (કરે)? પોતા સાથે ક્લેશ નથી, પોતામાં ક્લેશ નથી. પરની સાથે ક્યાં ક્લેશ (કરે)? પર-આત્મામાં ક્લેશ ભાળતો નથી. પરના આત્મામાં ક્લેશ છે નહિ, એ તો ક્લેશરહિત આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? કોની સાથે ક્લેશ કરે?

'**जहिं कहिं जोवउ तहि अप्पाणउ**' વજન અહીં છે, હોં! 'જ્યાં ક્યાંય જોશો ત્યાં આત્મા દૃષ્ટિગોચર થાય છે.' એનો અર્થ એવો નથી કે બધા આત્મા એક જ છે, એમ અહીં નથી કહેવું. જ્યાં જોવે એની દૃષ્ટિમાંથી રાગ-દ્વેષ અને શરીરથી ઊઠી ગઈ છે, રાગ-દ્વેષના ભાવથી, શરીરથી ઊઠીને (હું) આત્મા જ્ઞાન છું, એમ થઈ ગઈ છે એટલે એવો જ આત્મા જેમ પોતાને દેખે છે એમ બીજાના આત્માને પણ એવો દેખે છે. આત્મા બીજાનો છે એવો દેખે છે. રાગાદિ, શરીર તો અજીવમાં જાય છે. સમજાણું કાંઈ?

પહેલા જીવોંવનો ભેદ કહ્યો, પછી કેવળજ્ઞાન સ્વભાવી જીવ કહ્યો. એવું જાણ્યું એને બીજા સાથે કલહ કરવો ક્યાં રહ્યો? બીજાનું પૂજન કરવું ક્યાં રહ્યું? પોતે પૂજવા યોગ્ય એવો આત્મા પોતાના જ્ઞાનમાં જણાણો એને બીજા સાથે ક્લેશ, શત્રુતા કે પૂજન એ કંઈ રહેતું નથી. આહાહા! સમજાણું કાંઈ?

'**जहिं कहिं जोवउ तहि अप्पाणउ**' જ્યાં જ્યાં દેખે ત્યાં ભગવાનઆત્મા (દેખે છે). આહાહા..! ધર્મી જીવ પોતાના આત્માને વિકાર અને શરીરના સંયોગ વિનાનો જોવે છે, તો જેવી દૃષ્ટિએ પોતાને જોવે છે એવી જ દૃષ્ટિએ બીજાના આત્માના જોવે છે. સમજાણું કાંઈ? બીજાનો આત્મા એ રાગવાળો આત્મા ભાળે? રાગ તો વિકાર છે. શરીરવાળો આત્મા ભાળે? શરીર તો અજીવ છે. સમજાણું કાંઈ? બીજાના આત્માને પણ, આત્મદૃષ્ટિએ પોતાને જેમ જોયો, રાગ અને વિકાર વિનાનો, શરીર વિના એ આત્મા, એવું જ્યાં ભાન થયું, એવી દૃષ્ટિ બીજા આત્માને પણ આત્મા આત્મા દેખે છે. જ્યાં જોવે ત્યાં આત્માની પર્યાય પોતાની (જેવી) ભાળે છે. બીજી રીતે એમ છે. ઝીણી વાત મૂકી છે.

'**जहिं कहिं जोवउ तहि अप्पाणउ**' એનો અર્થ શું? આત્મા બીજા છે એમ દેખે છે, આ પરમાણુ આદિને દેખે તોપણ તેમાં જ્ઞાન ભાળે છે કે એને હું જાણનારો છું, એ તો જડ છે. સમજાણું કાંઈ? રાગાદિને જાણે છે તો જાણનારું તો જ્ઞાન છે, એ જ્ઞાનને જાણે છે. શરીરને જાણતા જ્ઞાન છે એ જ્ઞાનને જ્ઞાન જાણે છે. એટલે આત્મા જ જ્યાં હોય ત્યાં જણાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

પોતાની મોજૂદગીમાં તો જ્ઞાનસ્વરૂપે આત્મા છે એમ જાણ્યું તો બીજાની મોજૂદગીને જોતા પણ તેનું જ્ઞાન જ પોતાનું તેમાં થાય છે, એ જ્ઞાનને જ પોતે દેખે છે. એટલે જ્યાં દેખો ત્યાં આત્મા, આત્મા ને આત્મા. એ પોતાનું આત્માનું જ્ઞાન જ દેખે છે. ભારે વાત, ભાઈ! આવો તે ધર્મ કઈ જાતનો? એણે કોઈ દિ' સાંભળ્યો નથી.

અનંતકાળમાં રખડી રખડીને મરી ગયો, ચોરાશીના અવતારમાં ભૂક્કા (નીકળી) ગયા. અનાદિનો આત્મા કંઈ નવો છે? આત્મા કંઈ નવો થાય? અનાદિનો (છે), પણ અનાદિનો એ પોતે કોણ તત્ત્વ છે એનું જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન, ચૈતન્ય જ્ઞાન (છે) એમ કોઈ દિ' જાણ્યું નથી. આ તો રાગ તે હું, શરીરની ક્રિયા તે હું, પરનું કરી દઉં હું, પરથી મારામાં કાંઈ થાય તે હું, એ બધું આત્માને અનાત્માને તરીકે માન્યો. સમજાણું?

કોઈ ફલાણા ભાઈ નથી, બધા આત્મા છે એમ જાણે. એ વખતે જાણનારનું જ્ઞાન જાણનારના જ્ઞાનપણે જ્ઞાતાપણે પરિણમે છે એને જાણે એમ નિશ્ચયની અહીં વાત કરી છે. એ જેમ છે એમ જાણે. સમજાણું? એની પર્યાય પણ જેવી છે એમ જાણે. પણ એ પર્યાયનું જ્ઞાન થતાં જ્ઞાન પોતાનું થાય છે ને? સામાના દોષનું જ્ઞાન થયું પણ એ

જ્ઞાન થયું ને?

એમાં જ્ઞાન થયું (એ) તો પોતામાં થયું છે અને પોતાનું જ્ઞાન થયું છે, દોષનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ? બીજાના આત્માઓ, જડને જોતા જોનાર જેની મુખ્યતામાં જ્ઞાન ન હોય તો આ છે એમ નક્કી કોણે કર્યું? એ તો પોતે જાણે છે, એ તો પોતે જાણે. જ્યાં હોય ત્યાં મારું જ્ઞાન, જ્યાં હોય ત્યા મારું જ્ઞાન. હેં? પોતાનું જ્ઞાન દેખાય છે, એમ કહે છે.

મારું જ્ઞાન, આવ્યું હતું કે નહિ? ઓલી ચોપડી નથી, નહિ? મારું જ્ઞાન કીધું હતું ને? હેં? હમણાં મૂકી દીધી લાગે છે. 'શેઠિયા'નું છે ને? મારું જ્ઞાન, મારું જ્ઞાન ત્યાં કહ્યું છે ને? હેં? દીકરો મરી ગયો, છોકરાનો છોકરો (મરી ગયો). મડદું પડ્યું (હતું). એની માને કહે, શું છે? હું ગાયન બનાવું એ બોલ. રોવાનું શું? કોના રોવા આમાં માંડવા? 'રોનારા નથી રે રહેનાર રે...' રોનારા રહેનાર નથી, કોની માંડવી આમાં? સમજાણું? 'શેઠિયા' છે, હોં! 'સરદારશહેર'ના ગૃહસ્થ માણસ (છે). અંતર અરિહંત ધ્યાય, સમ્યક્ સૂર્ય ઊગશે જી.. મારા જ્ઞાન, મારા જ્ઞાન..' આ બાયું રોવે ત્યારે કહે ને, મારું પેટ, મારા પેટ. હવે પેટ મૂક ને, પેટ કે દિ' તારું હતું? છોકરો મરી જાય તો કહે, મારું પેટ.. મારા (પેટ). એમ બાયડી બોલતી હોય. આવું થોડું થોડું સાંભળ્યું છે. હેં? એવી એની મલાવવાની બધી રીત હોય. મૂઢની!

અહીં કહે છે કે, પણ 'ગુણીજન સમ્યક્ સિદ્ધ પ્રભુ નિત ધ્યાય, ચેતનસૂર્ય ઊગશે જી.. મારા જ્ઞાન,..' મારું જ્ઞાન, મારા જ્ઞાન, મારા જ્ઞાન. શેઠિયા છે ને? શેઠિયા 'સરદારશહેર'ના. આખો દિ' એના ઘરમાં આવી જ વાતું કરે. ગૃહસ્થ માણસ છે, પાંચ-સાત લાખ રૂપિયા છે. ગૃહસ્થ માણસ. બસ! આ બધાને (કહે). મરી ગયો છોકરો, દીકરાનો દીકરો. ઘરમાં મડદું પડ્યું છે. મોટું બિલ્ડીંગ છે, પૈસાવાળા છે. છોકરાની વહુને કહે, શું કરવું છે? રોવું છે? ના, બાપુજી! આપ કહો પછી ગાયન બનાવ્યું. મડદા પાસે આ ગાયન બોલ્યા. પછી સગાવહાલા, બધા માણસ આવ્યા. બધા ભેગા ગાયન બોલવા મંડ્યા. રોવા શેના? કોના રોવા આમાં? સમજાય છે? આ ગાયન તે દિ' ત્યાં બોલેલા, હોં! હેં?

**'ગુણીજન અર્થ ગ્રાહી ઉપયોગ, ગુણીજન..'** પદાર્થ જે છે તેને જાણનારો મારો ઉપયોગ છે. મારો આત્મા અર્થ વસ્તુ જે છે તેને જાણનારો મારો ઉપયોગ છે. મારી ચીજ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, તેને ગ્રહણ કરનારો મારો ઉપયોગ છે. 'ચેતન નિજ પ્રાણ છે જી,' સમજાણું? 'ગુણીજન જ્ઞાયક જ્યોત જગાય, દેખો તો શાંતિ જીવમેં, જી..' કોની માંડવી આમાં? એ..ઈ...! ભાઈ! ત્રણ-ત્રણ વર્ષનો છોકરો મરી ગયો. ઓલા ગૃહસ્થ માણસ એટલે મૂકો પોક. શેના પોક મૂકો? એ તો આત્મા છે, હવે અહીંથી ચાલ્યો ગયો. આટલા દિ' અહીં શરીરમાં રહ્યો (હવે) બીજે ગયો? ન્યાં ક્યાં આત્મા નાશ થાય એવો છે? આહાહા..! સમજાણું કાંઈ?

એ ધર્મીના જીવનમાં ક્ષણે ક્ષણે વૈરાગ્ય હોય છે, એમ કહે છે. આહાહા..! એવા પ્રસંગમાં હોય, કુટુંબમાં હોય છતાં મારું જ્ઞાન, મારું જ્ઞાન. એ ક્ષણે હું તો જાણનાર-દેખનાર એ મારું જ્ઞાન. બાકી એ (પુત્ર) મારો નહિ, રાગ મારો નહિ, કોઈ મારું નહિ. સમજાણું કાંઈ? ખરે ટાણે કામ આવે કે નહિ? વાતું કરે (કામ ન આવે). પણ જ્યારે મરણ થાય, ઘરમાં ૨૦ વર્ષનો (છોકરો) મરી ગયો હોય પછી ખબર પડે. હેં? અરે..! ભાઈ મરી ગયો. કોણ મરી જાય? આત્મા મરતો હશે? શરીર મરતું હશે? આ તો માટી છે. એ તો પર્યાયઅવસ્થા પલટી. બીજી થઈ ગઈ, રાખની થઈ. અહીં હતી (હવે) રાખની થઈ. મરે કોણ?

આત્મા ત્રિકાળી સનાતન શુદ્ધ ચૈતન્ય છે, એના ભાનમાં કહે છે. જુઓ! સમજાણું? જુઓ! આ છેલ્લું આવ્યું. 'ગુણીજન જડ સુખ છે જી ઝંઝાળ' એ કલ્પના માંડી કે આમાં સુખ છે ને આ છોકરામાં સુખ છે, પૈસામાં સુખ છે. ધૂળ છે માળા! 'ગુણીજન

જડ સુખ છે જી ઝંઝાળ, આનંદઘન આપ છે જી..' હું આનંદઘન આત્મા છું. આનંદનો ઘન આત્મા. એ ખરે ટાણે એની કસોટી હોય. ભાઈ! આ વીસ વર્ષનો મરી જાય અને બાયડી મૂકીને બેસી જાય અને ઓલા રોવા મંડે. હાય.. હાય...! શું છે પણ? શેની માંડી? મહાણ છે અહીં? અહીં તો આત્મા છે. આહાહા..!

ભગવાનઆત્મા જ્ઞાનની મૂર્તિ છે એમ જ્યાં અંતર ભાન થયા, કહે છે કે, (એ) બધે જ્ઞાન જ ભાળે છે. જ્ઞાન એટલે અહીં આત્મા. સમજાણું? આહા! **'એક અદ્વૈત આત્માનો જ અનુભવ આવી રહ્યો છે. અનુભવના સમયે તો પોતાનામાં જ લીન થાય છે.'** અનુભવના કાળમાં અમને જાણનાર દેખ એમ કહે છે. **'અનુભવની માતા ભાવના છે.'** એમ કરીને ઘણું લાંબુ કર્યું છે. દાખલો આપ્યો છે, જરી! માળે ઠીક કહ્યું છે. **'જેમ કોઈ ખેતરમાં જાય...'** આ ચણા પાકે કે નહિ? ચણા. ખેતરમાં ચણા પાકે છે ને? ચણા. એની નજર ચણા ઉપર હોય. કેટલા ચણા થયા? એમ (નજર) હોય. પાંદડાં અને મૂળિયા ઉપર ન હોય. ખેતર હોય ને બે-પાંચ? એની નજર ત્યાં (ચણા ઉપર હોય). અહીં તો ચણા કેમ લીધા છે? ચણા ખાવામાં તરત જ મીઠાશ લાગે છે ને? કાચો પણ સારો લાગે અને પાકો પણ સારો લાગે. ઈ ચણા જોવા જાય ને ઓલા લૂમખા થયા હોય ને? એ ચણા ઉપર એની નજર હોય, ઓલા પાંદડાં ઉપર નહિ. કેટલા પાક્યા છે? ચણા કેટલા થયા છે? આખા ખેતરમાં ફરે તો ચણા ઉપર નજર (હોય). પાક સારો આવ્યો છે, ચણાનો પાક સારો આવ્યો છે, એમ કહે. સમજાણું? **'તે છોડ, પાંદડાં, મૂળને દેખતો નથી અને કહે છે કે આ ખેતરમાંથી પાંચ મણ ચણા નીકળશે.'** એમ કહે, લ્યો! આ એક વીઘામાં પાંચ મણ ચણા (નીકળશે). ચણા આવશે, એમ કહે. પાંદડાં આવશે એમ ઈ કહે છે?

બીજો દાખલો આપ્યો છે, સોનામાં મણિ જડેલા હોય. સુવર્ણમાં મણિ જડ્યા હોય ને? **'જ્યારે ઝવેરી પાસે વેચવા લઈ જાવ છો ત્યારે તે કેવળ મણિને જ દેખે છે,...'** ઊંચા ઝવેરી અંદર મણિ મણિ ભાળે. સોનું શું કરવા (જોવે)? એને તો મણિ લેવાના છે. મણિ, મણિ, મણિ... મણિ સોના ઉપર નજર નહિ. અને સોનાવાળા પાસે જાઓ તો મણિ ન દેખે, એ સોનું સોનું દેખે. વાત બરાબર છે. સમજાણું કાંઈ? આહાહા..!

એમ ભગવાનઆત્મા જ્યાં જોવે ત્યાં હું જાણનારો.. જાણનારો.. જાણનારો.. મારા જાણનારમાં જ્ઞાનનો પાક જાણવાનો આવ્યો છે, એને એ દેખે છે. સમજાણું કાંઈ? દાખલો ઠીક આપ્યો છે માળાએ. એ લોકોને કાંઈક ચાલતું હશે. ચણા, ચણા. ચણા દેખે. મીઠા સરસ લાગે. ચણા ઉપર નજર છે ઈ ચણા જોવે. એમ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એમ જેને આત્માની શ્રદ્ધા અને ભાન થયા, એ જ્યાં હોય ત્યાં આત્માનો જ પાક ભાળે છે. હું જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર. બીજું મારામાં છે નહિ, મેં બીજું જાણ્યું-દેખ્યું નથી. હું જ મને જાણનાર-દેખનાર છું. કહો, સમજાણું કાંઈ? એ બધું (લીધું છે). **'વ્યવહાર નિશ્ચયની અપેક્ષાએ અસત્ય છે,...'**

કોની સાથે મૈત્રી અને કોની સાથે (ક્લેશ) કરવા? સમજાણું. એક દાખલો 'સવર્થિસિદ્ધિ'માં આપ્યો છે, એ જરી ઠીક લાગે છે. સામાયિકનો. એ આત્માની સામાયિક કોને કહીએ? કે,

**एकत्वेन प्रथमं गमनं समय, समय एव सामयिकं,**
**समय प्रवर्तानमस्येति वापिगृह्य सामायिकं।।**

**अ. ७, सू.२१।।**

**'આત્માની સાથે એકમેક થઈ જવું, આત્મામય થઈ જવું તે સામાયિક છે.'** સામાયિક આ લઈને બેસે છે ને? ઈ સામાયિક ક્યાં (છે)? આત્માનું ભાન તો કાંઈ ન મળે. સામાયિક કરીને બેઠા, શેની? ધૂળની સામાયિક. આત્મા જેણે જ્ઞાનાનંદ સ્વરૂપને જોયો, જાણ્યો છે એ જ્ઞાનમાં લીન થઈ જાય છે તેને સામાયિક કહેવાય છે. કહો, સમજાણું

કાંઈ? સામાયિકસમસમતાસ્વરૂપ ચૈતન્ય જ્ઞાનમાં જ્ઞાનની લહેરમાં, લહેરમાં લીન થઈ ગયો. જે સમતાસ્વરૂપે કાયમ છે એની અંદરમાં વર્તમાન પર્યાયથી સમતામાં લીન થઈ ગયો, એને સામાયિક કહે છે. સમજાણું કાંઈ? ઘણા આ સામાયિક કરે છે કે નહિ? અમે સામાયિક કરીએ છીએ. એય આ બધા કરે. આ બધા પડિમાધારી નામ ધરાવીને. સામાયિક કરીએ છીએ, સવાર-બપોરે સામાયિક કરીએ છીએ. શેની સામાયિક? આત્મા જાણ્યા વિના ક્યાંથી થશે? પહેલો આત્મા જ કોણ છે એની ખબરું વિના એકાગ્ર શેમાં થશે? એ બધા એવા ને એવા. આહાહા..!

મુમુક્ષુ : હલ્યા ચાલ્યા વિના સ્થિર રહે છે.

ઉત્તર : હલ્યે ચાલે કોણ? શરીર ચાલે નહિ એમાં એના બાપનું શું ગયું? આત્મા અંદર હલચલ કરે છે. ખદ્‌બદાટ. પુણ્ય-પાપના વિકલ્પ ઊઠાવીને મારા છે અને એની ઉપર દૃષ્ટિ પડી છે, એ બધો ખદ્‌બદાટ થઈ રહ્યો છે. નવકાર ગણતો હોય કે ભગવાનના ભજનનો વિકલ્પ ઊઠતો હોય, એ વિકલ્પ મારા છે (એમ) દૃષ્ટિ ત્યાં પડી છે. વસ્તુ આમ ભિન્ન છે એનું તો ભાન નથી. ભાન નથી અને વિકલ્પ ઉપર દૃષ્ટિ છે. તો એ સામાયિકમાં છે કે મિથ્યાત્વમાં છે? મિથ્યાત્વ જ છે. એય ભાઈ!

શ્રોતા :- નવા માણસ છે.

ઉત્તર :- આવી ગયા ને હવે. ચોપાટમાં આવી ગયા હવે.

આત્મા કૈસા હૈ આત્મા કોણ છે એ જાણ્યા વિના એની સાથે એકમેક કોણ થાય? એમ કહે છે. એમ કહ્યું ને? સામાયિકની વ્યાખ્યા કરી ને? 'સવર્થિસિદ્ધિ' હોં! 'પૂજ્યપાદસ્વામી'. આહા..! **'આત્માની સાથે એકમેક થઈ જવું, આત્મામય થઈ જવું તે સામાયિક છે.'** આત્મા પહેલો સમ્યગ્જ્ઞાનમાં, દર્શનમાં ભાસ્યા વિના એકમેક થવું ક્યાંથી થાય? આ તો દેહની ક્રિયા હું કરું, આમ બેઠો તો (માને કે) હું બેઠો. રાગ કાંઈક થાય એ મારો આત્મા છે એમ માને છે એ તો. અનાત્માને આત્મા માને તો ઠરે શેમાં? (અનાત્મામાં) એકાગ્ર થાય. આત્મા રાગ વિના અને શરીર વિનાની ચીજ છે એનું જ્ઞાન હોય તે તેમાં ઠરે એને સામાયિક કહેવાય. એ ૪૦ (ગાથા પૂરી) થઈ.

## સુપ્રભાત

**જન્મ-મરણ તથા સમસ્ત દુઃખનું મુળ કારણ એવા મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કરી સમ્યગ્જ્ઞાનરૂપી સુપ્રભાત પ્રગટાવી સાદિ અનંતકાળ પર્યંત શાશ્વત સુખ-શાંતિની પ્રગટતા થાય એવી ભાવના સાથે 'સ્વાનુભૂતિપ્રકાશ' ના સર્વ પાઠકવર્ગને નુતન સુપ્રભાતની શુભકામના.**

**- સ્વાનુભૂતિપ્રકાશ પરિવાર**

ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ઓક્ટોબર-૨૦૧૭)નું શુલ્ક
શ્રી શ્યામસુંદર દીપપ્રકાશ જૈન, અમદાવાદ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે,
જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા**
**પરમાગમસાર ગ્રંથના**
**બોલ–૮૫૦ ઉપર થયેલ ભાવવાહી**
**પ્રવચન, તા. ૦૯–૦૩–૧૯૮૫,**
**પ્રવચન નં. ૪૯૪**
**(વિષય : વિધિ)**

**આત્માને શાંતિ જોઈએ છે તો તે શાંતિ પૂર્ણ અને સાદિ અનંતકાળ સુધી રહે એવી હોવી જોઈએ. તેવી શાંતિ કોને થાય? કે જેણે આત્માના ઉઘાડ અને વિકલ્પ દ્વારા આત્મા તરફ વલણ કરીને નિર્ણય કર્યો કે ઔપાધિકભાવ છે તે બધો છોડવા યોગ્ય છે અને નિરુપાધિકભાવ છે તે આદરણીય છે–એમ દ્રવ્યશ્રુત વડે નિર્ણય કરે, એવા નિર્ણય કરનારને દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય એનો પણ નિર્ણય હોય છે. તે દ્રવ્યશ્રુતજ્ઞાનવાળો નિર્વિકલ્પ ભાવશ્રુતજ્ઞાન વડે આત્માને પકડે તે એવી શાંતિનું કારણ પ્રગટ કરીને પૂર્ણ શાંતિ પ્રાપ્ત કરે છે. ૮૫૦.**

પરમાગમસાર. પાનું ૨૩૪. ૮૫૦. ૨૩૪ પાને ૮૫૦ બોલ. મોક્ષમાર્ગ પ્રકાશકના બીજા અધ્યાયના પ્રવચનોમાંથી છે. '**આત્માને શાંતિ જોઈએ છે તો તે શાંતિ પૂર્ણ અને સાદિ અનંતકાળ સુધી રહે એવી હોવી જોઈએ.**' જીવનો સ્વભાવ શાંત અને સુખમય છે. એથી સર્વ જીવને શાંતિ જોઈએ છે, સર્વ જીવને સુખ જોઈએ છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પર્યંતના સર્વ પ્રાણીને શાંતિ અને સુખ જોઈએ છે. અને તે પણ સદાને માટે જોઈએ અને પૂરેપૂરી જોઈએ. કેમ કે સ્વભાવ પણ પૂર્ણ છે. શાંત સ્વભાવ, સુખમય સ્વભાવ એ સ્વભાવ છે અને સ્વભાવથી પૂર્ણ પણ છે. એથી જીવને જેવું સ્વરૂપ છે એવું રહેવાનો ભાવ વગર વિચાર્યે, વગર સમજે, વગર નક્કી કર્યે સહજપણે અને સ્વભાવિકપણે છે.

જેવો જીવનો સ્વભાવ છે, જેવું જીવનું મૂળ સ્વરૂપ છે તેવી એને ઇચ્છા થવી. એવું ન હોય તો અવસ્થામાં એવી એને ઇચ્છા થવી એ સ્વભાવિક છે. એવો એક બોલ છે નિત્યતાનો કે જીવ સ્વરૂપે નિત્ય હોવાથી એને સદાને માટે જ્યાં મમત્વ કરે છે તે તે પદાર્થો, અન્ય પદાર્થો પણ એને નિત્ય જ રાખવા જોઈએ છે. જેમ કે દેહાત્મબુદ્ધિ છે તો દેહ એને નિત્ય રાખવો છે. દેહનો નાશ થાય એ એના અભિપ્રાય વિરૂદ્ધ છે. મકાન, કુટુંબ, પરિવાર જ્યાં જ્યાં મમત્વ છે ત્યાં બધે એને નિત્યતા જોઈએ છે. અનિત્યતા એને જોઈતી નથી. અનિત્યતા પ્રત્યક્ષ દેખાય છે. અનિત્યતા, નિત્ય નહિ થઈ શકે એવી જે એક નક્કર હકીકત છે એને એ જાણે છે કે આ દેહ અનિત્ય છે અને રહેવાનો નથી. આ સંયોગો પણ અનિત્ય છે અને રહેવાના નથી. તો પણ એની અનિત્યતા એને મંજૂર નથી. એનો એ સ્વીકાર નથી કરતો. અને સ્વીકાર નથી કરતો તેથી જે કાંઈ અનિત્ય પ્રસંગો બને છે એની સામે એને ખેદ થયા વિના, દુઃખ થયા વિના રહેતું નથી.

જેમ નિત્ય એનું સ્વરૂપ છે તેથી સર્વત્ર જ્યાં જ્યાં

એનું મમત્વ છે ત્યાં એ નિત્યપણું ચાહે છે. એ જ પ્રકારે સ્વરૂપ પૂર્ણ હોવાથી એને જે કાંઈ જોઈએ છે તે પૂર્ણ જ જોઈએ છે. કાંઈ અધૂરું જોઈતું નથી. જગતની સંપત્તિ ઈચ્છે છે તો પણ પૂરેપૂરી ઈચ્છે છે. કેટલી જોઈએ? કે અનંત જોઈએ. કોઈને એની Limit નથી એટલી જોઈએ. Unlimited. કેમકે સ્વરૂપ પૂર્ણ છે તેથી એ જ્યાં જ્યાં મમત્વ કરે છે ત્યાં પણ એને કોઈ મર્યાદા નથી. અમર્યાદ સ્વરૂપ છે તો અમર્યાદ એને બધું જોઈએ છે.

એવી જ રીતે શાંતિ અને સુખ એનું સ્વરૂપ છે તો એને સુખ અને શાંતિ ગમે તેમ કરીને પણ સુખ-શાંતિ (જોઈએ છે). ખાઈને પણ શાંતિ જોઈએ છે અને ભૂખ્યા રહીને પણ શાંતિ જોઈએ છે. બેસીને સુખ જોઈએ છે. સૂઈ રહેવાથી પણ એને સુખ જ જોઈએ. ચાલવાથી પણ સુખ જોઈએ છે અને નહિ પણ ચાલવાથી પણ એને સુખ જ જોઈએ છે. ગમે તે પ્રકારે એને સુખ જોઈએ છે. અને એ સુખ શાંતિ માટે પોતે કલ્પેલા ઉપાય એણે અનાદિથી કર્યા છે. બધા જ જીવો પોતાની સુખ શાંતિની પ્રાપ્તિ માટે પ્રયત્નવાન રહે છે. પણ સુખ શાંતિ ખરેખર ક્યાં છે? કેવા છે? કઈ રીતે પ્રાપ્ત કરાય છે? તેના અજ્ઞાનને લીધે તે સાચા ઉપાયને કરી શકતો નથી અને જૂઠા ઉપાય કરીને સુખ શાંતિ મેળવવાને બદલે દુઃખને મેળવે છે.

એ અનુસાર કહે છે કે '**આત્માને શાંતિ જોઈએ છે...**' અને તે પણ એની પૂર્ણ શાંતિ હોવી જોઈએ છે. અને સર્વ કાળને માટે (અર્થાત્) જ્યારથી મળે ત્યારથી અનંત કાળ પર્યંત પૂર્ણ કાળ માટે એને સુખ શાંતિ રહે એવી હોવી જોઈએ. એમ હોવું જોઈએ એવી એની ભાવના છે. '**તેવી શાંતિ કોને થાય?**' અથવા તેવી શાંતિ કેમ કરીને થાય? '**કે જેણે આત્માના ઉઘાડ અને વિકલ્પ દ્વારા આત્મા તરફ વલણ કરીને નિર્ણય કર્યો કે ઔપાધિકભાવ છે તે બધો છોડવા યોગ્ય છે અને નિરુપાધિકભાવ છે તે આદરણીય છે-એમ દ્રવ્યશ્રુત વડે નિર્ણય કરે, એવા નિર્ણય કરનારને દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય એનો પણ નિર્ણય હોય છે.**' એ મુદ્દો લીધો છે ચાલુ અધિકાર ઉપર. પહેલા અધિકારમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ લીધું છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય. તો એ વાત સાથે સાથે નિર્ણયમાં લઈ લીધી છે. મનુષ્યગતિ છે એટલે. તિર્યંચ ગતિમાં, નારકીમાં એ પ્રકારનો વિકલ્પ નથી દેવ-ગુરુ-શાસ્ત્રનો. કેમ કે ત્યાં એવા દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્ત પણ નથી.

એનો અર્થ એ થયો કે જ્યાં વિષય સામે આવે ત્યારે નિર્ણય કરવાનો એનો પોતાનો ધર્મ છે, નિર્ણય કરવાની એની ફરજ છે, નિર્ણય કરવાની એની જવાબદારી છે. જેમ કે છ દ્રવ્ય છે. તો છ દ્રવ્યમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ એ અપ્રયોજનભૂત છે. તો અપ્રયોજનભૂત છે અને તિર્યંચને કે નારકીને એનો વિકલ્પ કે એનું જ્ઞાન થતું નથી છતાં પણ સત્શાસ્ત્રમાં એનું નિરૂપણ આવે છે તો એને સંમત કરવા કે ન સંમત કરવા, એના ઉપર એણે દેવ-ગુરુ-શાસ્ત્રને સંમત કરવા અને ન સંમત કરવાનો આધાર રહેલો છે. નહિતર વિષય પ્રયોજનભૂત નથી. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ એ વિષય પ્રયોજનભૂત નથી. એની સાથે જીવના પરિણામને શુદ્ધિ, અશુદ્ધિનો કોઈ પ્રકાર ઉપજતો નથી કે ધર્માસ્તિકાયના લક્ષે એને વિભાવ થાય કે એને આકાશના લક્ષે વિભાવ થાય એવું તો કાંઈ બનતું નથી. જે કાંઈ વિભાવનો નિમિત્ત છે એ તો પુદ્ગલ પર્યાયો છે. એ સ્થૂળ ઈન્દ્રિયજ્ઞાન ગોચર થાય એવા.

પણ સત્શાસ્ત્રોમાં જો એ છ દ્રવ્યનું નિરૂપણ છે અને એ સંમત ન કરે, પૂર્વ સંસ્કારને વશ એનું જ્ઞાન, એની બુદ્ધિ સંમત ન થાય તો એ વિષય અપ્રયોજનભૂત હોવા છતાં સત્‌શાસ્ત્રને એ સંમત કરતો નથી. સત્શાસ્ત્રના કહેનાર એવા દેવ અને ગુરુને એ સંમત કરતો નથી અને એ રીતે પ્રયોજનમાં હાનિ ઊભી થાય છે.

અમારે આ વિષય હમણાં એ રીતે ચર્ચાણો કે આ પ્રતિમાનું પ્રકરણ ચાલ્યું. બહારનો વ્યવહારનો વિષય છે. એ તો વિધિ વિધાનનો વિષય તો ચોખ્ખો બાહ્ય વ્યવહારનો છે અને એ તો અપ્રયોજનભૂત છે કે પ્રયોજનભૂત છે? એ વિષયની અંદર જ્ઞાનીઓએ જે કહ્યું

અને જ્ઞાની જે કહે એ સંમત કરવું તે પ્રયોજનભૂત છે. એમ પાછા એનો સ્વીકાર-અસ્વીકારનો છેડો ત્યાં અડે છે. એવો વિષય બને છે. એટલે ભલે એ વિષય સીધો પ્રયોજનભૂત ન હોય તાત્વિક દષ્ટિએ. તો પણ એના નિરૂપણ કરનાર કોણ છે? એને સંમત, અસંમત કરવા વિષેનો જ્યાં પ્રકાર ઊભો થાય છે ત્યારે જીવે એનો નિર્ણય કરવો પડે છે. અને જો જીવ એનો નિર્ણય ન કરે તો એ કહેનારને અસંમત કરે છે એવો પ્રકાર ઉત્પન્ન થાય.

એટલે અહીંયાં એમ કહે છે કે '**જેણે આત્માના ઉઘાડ અને વિકલ્પ દ્વારા...**' દ્રવ્યશ્રુત વડે નિર્ણય કરે, દ્રવ્યશ્રુત એટલે સત્શ્રુત દ્વારા. સત્શ્રુતમાં શુદ્ધાત્માનું સ્વરૂપ જે રીતે નિરૂપણ કર્યું છે, જેવું નિરૂપણ કર્યું છે એવો નિર્ણય કરે અને એ નિર્ણય કરતા પર્યાયમાં જે પ્રયોજન છે કે ઔપાધિકભાવ છોડવા યોગ્ય છે, જેટલા જેટલા ઔપાધિકભાવના પ્રકાર છે તે તમામ વિભાવિક પ્રકાર છે અને વિભાવથી સ્વભાવ નિરૂપાધિકભાવે નિરૂપાધિક સ્વરૂપે છે, એ પ્રકારે જે પોતાના હિત-અહિત અથવા શાંતિ-અશાંતિના ભાવનો નિર્ણય કરે છે એવા નિર્ણય કરનારને દેવ-ગુરુ-શાસ્ત્રનો પણ નિર્ણય અવશ્ય થવો ઘટે છે. મનુષ્યગતિમાં એ પ્રયોજનભૂત થઈ જાય છે.

લોકો એમ કહે કે પોતાને તો પોતાના સ્વભાવ અને વિભાવ સાથે પ્રયોજન છે. દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપમાં કદાચ ભૂલ રહી જાય તો એ તો ક્ષયોપશમની ભૂલ ગણવી જોઈએ. ક્ષયોપશમની ભૂલ નહિ. અહીંયાં જ્યાં દેવ-ગુરુ-શાસ્ત્રનો વિષય સામે આવ્યો છે ત્યારે એ દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ અનેક પ્રકારે જગતમાં પ્રસિદ્ધ છે. તેમાંથી વીતરાગી દેવ, વીતરાગી ગુરુ અને વીતરાગી શાસ્ત્ર કેવા હોય તેનો યથાર્થ નિર્ણય સંમત-અસંમત કરવાની દષ્ટિએ એને પોતાને એ પ્રયોજનભૂત છે. ત્યાં પ્રયોજન સાથે એનો સંબંધ જોડાય છે-પોતાના પ્રયોજન સાથે.

જે જીવને પૂર્વમાં ઊંધા સંસ્કારથી વિપર્યાસ બુદ્ધિ ચાલી આવી છે એ બુદ્ધિના વિપર્યાસમાં એ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને સંમત નહિ કરવાને બદલે ફેરફારવાળા અન્યથા દેવ-ગુરુ-શાસ્ત્રને સંમત કરે તો ત્યાં એને પ્રયોજનમાં હાનિ થાય. જે દેવ-ગુરુ-શાસ્ત્રનો યથાર્થ નિર્ણય ન કરી શકે તે દ્રવ્યશ્રુત દ્વારા વિભાવ અને સ્વભાવનો યથાર્થ નિર્ણય ન કરી શકે. અને વિભાવ અને સ્વભાવનો નિર્ણય ન કરી શકે તેને વિભાવની ઉપાધિ છોડવા યોગ્ય છે, નિરૂપાધિક સ્વભાવ આદરણીય છે, આદરવાયોગ્ય છે, એ વિષય પણ એને કોઈપણ રીતે અંગીકાર થઈ શકે નહિ કે સમજણમાં એને નિર્ણયમાં જ ન આવે. અનુભવ કરવો બીજો વિષય છે. નિર્ણયમાં જ એને ન આવે. નિર્ણય જ ન થઈ શકે એ પરિસ્થિતિ ઊભી થાય.

મુમુક્ષુ :- એને પોતાનું પ્રયોજન નક્કી જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો શું છે કે દરેક જીવને સુખનું પ્રયોજન છે. દરેક જીવને સુખ જોઈએ છે પણ એના સાચા ઉપાયની ખબર નથી એટલે જૂઠા ઉપાય દ્વારા જગતના પ્રત્યેક પ્રાણી સુખની પાછળ દોડે છે. સુખ મેળવવા પાછળ દોડે છે. અને સુખ પ્રાપ્ત કરવાને બદલે ઊલટાના દુઃખને પ્રાપ્ત કરે છે. આ સ્થિતિ છે જગતના જીવોની. એટલે જાણ્યે-અજાણ્યે પ્રયોજન સુખનું છે.

હવે એ પ્રયોજન જે સુખનું છે એ પ્રયોજન હાંસલ કરવા માટે એને દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય હોવો જોઈએ, સત્શ્રુત દ્વારા ઔપાધિકભાવ અને નિરૂપાધિકભાવનો પણ એણે નિર્ણય કરવો જોઈએ. કેમ કે પ્રયોજન ઉપાધિથી દુઃખ છે અને નિરુપાધિથી સુખ છે. એને પ્રયોજનનો સીધો સંબંધ ત્યાં છે.

દેવ-ગુરુ-શાસ્ત્રનો વિશેષ વિષય લીધો છે. કેમ કે ત્યાં અધિકાર મોક્ષમાર્ગ પ્રકાશમાં આ ચાલે છે આ અધિકાર. કે દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોવા જોઈએ એનો પ્રથમ નિર્ણય કરવો જોઈએ. કોઈ તર્ક કરે કે તિર્યંચ ક્યાં દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય કરે છે? તો પણ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને પ્રાપ્ત થાય છે. સાતમી નારકીનો નારકી ક્યાં નિર્ણય કરે છે? કે ત્યાં એ વિષય સામે નથી. પણ અહીંયાં જ્યારે વિષય સામે આવે છે ત્યારે એને પ્રયોજન સાથે સંબંધ જોડાઈ જાય છે. છ દ્રવ્યની જેમ. કેમકે કહેનારની પ્રમાણિકતા અને કહેનારની નિર્દોષતાનો નિર્ણય કરવા જતાં એમાં તત્ત્વના નિર્ણયનો સવાલ ઊભો થાય છે.

જેમ કે દેવતત્ત્વ છે. તો જે જાણે અરિહંતને દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી, તે આત્માને જાણે અને તેનો મોહ ક્ષય થાય. પ્રવચનસાર ૮૦ ગાથા. તો આમ દેવના સ્વરૂપ સાથે આત્માના સ્વરૂપનો સંબંધ ત્યાં ઊભો થાય છે. આવા દેવ હોય તો મૂળમાં આત્મા આવો હોય તો આત્મા આવા દેવ હોય. જે જીવો દેવને દોષસહિત સ્વીકાર કરે છે, સદોષ સ્વરૂપે દેવને સ્વીકારે છે તે આત્માને નિર્દોષ સ્વરૂપે સ્વીકારે એવું કદી ન બની શકે. એને પોતાના શુદ્ધાત્મ સ્વરૂપનો નિર્ણય થાય, શ્રદ્ધામાં સ્વીકાર થાય એવું ન બને. આમ સીધો સંબંધ પ્રયોજન સાથે આવી જાય છે.

ફરીથી. '**પૂર્ણ અને સાદિ અનંતકાળ...**' પૂર્ણ શાંતિ જીવને જોઈએ છે તો એવી શાંતિ કોને થાય? કે જેણે આત્માના ઉઘાડ અને વિકલ્પ દ્વારા એટલે વર્તમાનમાં જ્ઞાન અને ચારિત્રગુણ જે પરિણમે છે એમાં ઉઘાડ છે. ઉઘાડ અને વિકલ્પ બે બોલ લીધા છે. ઉઘાડ એટલે વર્તમાન જ્ઞાનનો ક્ષયોપશમ છે કે જે જ્ઞાનની વર્તમાનમાં શક્તિ કેટલી વ્યક્ત છે, જ્ઞાનની કાર્ય કરવાની શક્તિ કેટલી વ્યક્ત છે એને ઉઘાડ કહે છે. અને વિકલ્પ એટલે ચાલતો રાગનો પર્યાય. જે વિચારની દશામાં એક સાથે હોય છે.

એકલું જ્ઞાન અજ્ઞાનદશામાં કામ નથી કરતું. ત્યાં વિકલ્પરૂપ રાગ સાથે ભળીને કોઈપણ પદાર્થનો નિર્ણય કરવામાં બંને એક સાથે મળીને કામ કરે છે. જેને આપણે વિચાર કહીએ છીએ. વિચારની અંદર બે મુખ્ય ગુણના પર્યાય છે. એક જ્ઞાનગુણનો અને એક ચારિત્રગુણનો વિકલ્પ એટલે રાગ. તો ત્યાં શું છે કે તીવ્ર રાગ હોય અથવા વિકલ્પ કે ચારિત્ર કે રાગ કે જેમાં કષાય છે એમાં તીવ્ર કષાય હોય તો પણ તત્ત્વ નિર્ણય ન થાય. અને ઉઘાડરૂપ જ્ઞાન એટલું બધું બંધ થઈ ગયું હોય કે જ્યાં મન ન હોય. જાણપણારૂપ જ્ઞાન એ એટલું ઢંકાઈ ગયું હોય, એટલું આવરિત હોય કે જેને મનનો ઉઘાડ ન હોય, મન સુધી જેની પહોંચ ન હોય એટલે અસંજ્ઞીપણું હોય તો એ નિર્ણય ન કરી શકે. એટલે ઉઘાડરૂપ જ્ઞાન એ મનસહિતનું હોવું જોઈએ અને રાગરૂપ વિકલ્પ એ તીવ્ર કષાયરૂપ પાપરૂપ ન હોવો જોઈએ. તત્ત્વનિર્ણયના કાળે આટલી સ્થિતિ અનિવાર્ય છે. પાપરૂપ વિકલ્પમાં એટલે અશુભ ઉપયોગમાં ચાલતો, પરિણતો જીવ તત્ત્વનિર્ણય ન કરી શકે. તત્ત્વનિર્ણય કરવા કાળે એને શુભોપયોગમાં આવવું રહ્યું. અથવા કષાયની મંદતાના કાળમાં જ એનો રાગ અને વિકલ્પ તત્ત્વ નિર્ણયનું કામ કરે. તીવ્રતાના કાળમાં ન કરી શકે. આટલો એનો એક નિયમ છે. નીચેનો પાયો આટલો તો હોવો જોઈએ.

એટલે કહે છે કે '**જેણે આત્માના ઉઘાડ અને વિકલ્પ દ્વારા આત્મા તરફ વલણ કરીને...**' પાછું રાગ તરફ અનાદિનું વલણ છે, પર તરફ અનાદિનું વલણ છે, એ વલણથી નિર્ણય નહિ કરવાનો એમ કહે છે. નિર્ણય કરવામાં આત્મા તરફ વલણ કરીને નિર્ણય કરવો. આત્માનું સ્વભાવિક લક્ષણ જ્ઞાન છે. એ જ્ઞાનના આધારે જ્ઞાનમય આત્માનો નિર્ણય કરવો. વલણ આત્મા તરફ થવું જોઈએ. વલણ એટલે મુખ્યતા.

આપણે વલણને વિચારીએ તો માણસ બે વાત જાણતો હોય. ઘણીવાર શું બને છે કે આ સાચું છે અને આ ખોટું છે. પણ ખોટાનું વલણ ન છોડી શકતો હોય. અને સાચાનું વલણ ન કરતો હોય. પક્ષને કારણે. એવું બને છે કે નહિ? તો એનો અર્થ શું થયો? કે એની મુખ્યતા છે એને.

એમ જ્ઞાન અને રાગ બંને હોવા છતાં જ્યાં સુધી રાગની મુખ્યતા છે, જે અનાદિથી છે જીવને, ત્યાં સુધી જીવનું વલણ રાગ પ્રત્યયી છે. અને જ્યાં સુધી જીવનું વલણ રાગ પ્રત્યયી છે ત્યાં સુધી એનું જ્ઞાન સાથે સાથે વિચારદશામાં કામ કરતું હોવા છતાં જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય ન થાય. ભ્રમથી એવું લાગે ખરું કે શાસ્ત્ર વાંચીએ છીએ, બુદ્ધિશક્તિ છે, વિચારશક્તિ છે, શાસ્ત્ર વાંચીએ છીએ અથવા પ્રત્યક્ષ જ્ઞાનીને સાંભળીએ છીએ કે આત્મા આવો છે અને એ અમારા વિચારથી અને અમારા કષાયની મંદતાના બંને ઉઘાડ અને વિકલ્પ બંને અમને સંમત થાય છે કે આત્મા આવો જ છે. તો પણ અંદરમાં જ્યાં સુધી વલણ રાગ ઉપર છે ત્યાં સુધી તે નિર્ણય યથાર્થ નિર્ણય અથવા ખરો નિર્ણય નથી.

એટલે ટૂંકા વચનમાં પણ એક વાત બહુ મર્મની નાખી છે કે '**આત્મા તરફ વલણ કરીને...**' રાગરહિત જે જ્ઞાનસ્વભાવ છે તે આત્મા છે. તેના તરફ વલણ કરીને, જ્ઞાનની મુખ્યતામાં જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય થાય અને રાગની મુખ્યતા ન રહે એવું વલણ થાય ત્યારે જેણે એવો નિર્ણય કર્યો, એ પ્રકારે નિર્ણય કર્યો, એમ. નહિતર તો નિર્ણય તો જેટલા તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં પ્રવેશ કરે છે અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે છે એ બધા નિર્ણય તો કરે જ છે આત્માનો. કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સ્વચતુષ્ટયથી આત્મા આવો છે. દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવ, ગુણ-ગુણી ભેદ એ બધું જાણવા મળે છે. પ્રમાણ નય નિક્ષેપથી એની જાણવાની જે પદ્ધતિ છે તેનાથી જાણે છે. તો એવું જાણે અને તે શાસ્ત્રને અનુકૂળ જાણે. શાસ્ત્ર કહે તેનાથી વિરૂદ્ધ જાણે એમ નહિ, એનું અર્થઘટન બરાબર શાસ્ત્ર કહે તેવું હોય તો પણ નિર્ણય સાચો ક્યારે? કે રાગનું વલણ મૂકાય અને સ્વભાવનું વલણ થાય. વલણ એટલે મુખ્યતા. રાગની મુખ્યતા છૂટે અને સ્વભાવની મુખ્યતામાં આવીને, જ્ઞાનની મુખ્યતામાં આવીને, જ્ઞાનના આધારે જ્ઞાનનું, જ્ઞાનક્રિયાના આધારે, જ્ઞાન લક્ષણના આધારે જ્ઞાન સ્વભાવનો નિર્ણય થાય ત્યારે એ નિર્ણય બરાબર (છે). એવો નિર્ણય કર્યો હો તો એને ઔપાધિકભાવ અને નિરુપાધિક સ્વભાવનો નિર્ણય થાય. એ નિર્ણય થાય એમાં વિવેક પણ થાય કે આ ઉપાધિભાવ છોડવા યોગ્ય છે અને નિરૂપાધિકભાવ જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ તે એક જ આદરણીય છે.

અથવા એને પોતાનો જ્ઞાનસ્વભાવ જ્ઞાતા-દૃષ્ટાપણે જણાય છે, નિશ્ચિત થાય છે, દેખાય છે અને એ જાણે છે કે આ જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવમાં, જ્ઞાતા-દૃષ્ટાપણામાં જેટલો રાગનો ઔપાધિકભાવ કર્તૃત્વથી જે ઊભો થાય છે એ જ દુઃખનું કારણ છે. ત્યાં જ આકુળતા ઉત્પન્ન થાય છે. જ્ઞાન કે જે રાગને કરતું નથી, કરી શકતું નથી.

સમયસારની ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬ ગાથા. ૯૨થી માંડીને પાંચ ગાથા એના ઉપર છે. વિષય ૯૧થી શરૂ કર્યો છે. એ પાંચ-છ ગાથામાં એ વિષય લીધો છે કે જેમ જ્ઞાન પુદ્‌ગલના શીત-ઉષ્ણ પર્યાયને કરી શકતો નથી. જ્ઞાન જડના રજકણના ઠંડાપણાને કે રજકણના ગરમપણાને જ્ઞાન કરી શકતું નથી. પણ જાણી શકે છે કે અત્યારે ઠંડી પડે છે કે અત્યારે ગરમી પડે છે. પણ ઠંડી-ગરમીને જ્ઞાન કરતું નથી જાણતું હોવા છતાં. તેમ જ્ઞાન રાગને જાણી શકે છે પણ જ્ઞાન રાગને કરી શકતું નથી. એવો જ જ્ઞાનનો સ્વભાવ છે. એવો જ્યારે એને પોતાનો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ સમજાય છે ત્યારે રાગનું કર્તૃત્વ તે જ મૂળમાં મિથ્યાત્વ સહિતની ઉપાધિ છે એ એને સમજાય છે.

જ્ઞાનમાં 'રાગ તે હું' એમ રાગમાં પોતાની સત્તા પકડવી અને રાગનું કર્તૃત્વ થવું બે કાર્ય એક સાથે થઈ જાય છે. જ્યારે પોતાના સ્વભાવને જીવ ચૂકે ત્યારે 'રાગ તે હું' એમ રાગમાં પોતાની સત્તાનો અનુભવ કરે-મિથ્યા અનુભૂતિ અને રાગને હું કરું છું એવો પણ મિથ્યા અનુભવ કરે. પણ જ્ઞાન રાગને કરી શકે નહિ અને જ્ઞાનમાં રાગની સત્તા પણ નથી. એવું આત્મા તરફ વલણ કરીને નિર્ણય કરે કે ઔપાધિકભાવ તે બધો છોડવા યોગ્ય છે. કષાયના એક કણને-ઉપાધિના એક કણને પણ એ કરવા યોગ્ય, અંગીકાર કરવા યોગ્ય ન સમજે. તમામ પ્રકારનું દુઃખ, દુઃખમાત્ર, જેમ મલિનતા છે-વિષ્ટા છે એ થોડી પણ શરીર ઉપર રાખવા ચાહે નહિ. ભલે શરીર થોડું ખરાબ રહ્યું, કાંઈ વાંધો નહિ. ન ચાલે. તો મુખ ઉપર કોઈ રાખે? જીભ ઉપર કોઈ રાખે? તો આ તો સ્વાદનો વિષય છે.

જેમ જીભ દ્વારા સ્વાદ લેવાય છે એમ જ્ઞાન દ્વારા આસ્વાદન થાય છે. કષાયની મલિનતાનું આસ્વાદન થાય છે. જેને એ મલિનતા સમજાણી છે-અશુચિપણું જેને સમજાયું છે એ એને છોડવા યોગ્ય જ સમજે. એને રાખવા યોગ્ય સમજે, કોઈપણ પ્રકારે રાખવા યોગ્ય સમજે, કોઈપણ અપેક્ષાએ રાખવા યોગ્ય સમજે એને નિરુપાધિક જ્ઞાનસ્વભાવ, પવિત્ર જ્ઞાનસ્વભાવ, શુચિરૂપ જ્ઞાનસ્વભાવ એને સમજાયો છે એ વાત રહેતી નથી.

મુમુક્ષુ :- રાગ કરે તો છે આત્મા.

પૂજ્ય ભાઈશ્રી :- રાગ આત્માનું મલિન

પરિણમન છે.

મુમુક્ષુ :- કરનાર તો પોતે જ છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એક ન્યાયે એ કરનાર હોવા છતાં જ્યારે એને મટાડવો છે ત્યારે એને એના કર્તૃત્વમાંથી હટવું પડે છે. રાગનું કર્તૃત્વ અને રાગ પરિણમીને કર્તા થાય છે, પરિણમે છે માટે કરે છે અને રાગના કરવાપણે કરે છે એ બે વચ્ચે ફેર છે.

જેમ કે જ્ઞાનીને રાગ થાય છે. જ્ઞાનદશા થયા પછી પણ રાગ તો થાય છે. તો એ એક ન્યાયે સમજે છે કે રાગરૂપ પરિણમે છે જીવ પોતે. અને તેથી તે કાર્યનો કર્તા છે. .. પણ શુદ્ધનયના વિષયભૂત જે આત્મા છે તે દ્વારા પોતે શુદ્ધ છે એમ પણ જાણે છે. કેમ કે શુદ્ધિ-અશુદ્ધિનું જ્ઞાન સાપેક્ષ છે. શુદ્ધ અને અશુદ્ધ એક સાથે જ્ઞાન થાય. ઉપાધિ-નિરુપાધિનું એક સાથે અપેક્ષિત જ્ઞાન થાય છે. કોઈ દિવસ એક વિષયનું જ્ઞાન ન થાય. બે વિષયનું સાથે (જ્ઞાન થાય) એને Comparative knowledge કહે છે. તો એ જે અશુદ્ધિનું જ્ઞાન છે એમાં જીવ પોતે પરિણમે છે છતાં પાની કર્તા થઈને ત્યાં પરિણમતા નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હુંપણું જેણે જ્ઞાનમાં સ્થાપ્યું, જેણે હું જ્ઞાનસ્વરૂપ છું એમ સ્થાપ્યું એને એવો અનુભવ થાય છે કે આત્મા તો જ્ઞાનક્રિયારૂપે પરિણમે છે, જ્ઞાતા-દૃષ્ટાની ક્રિયારૂપે પરિણમે છે. તો આ રાગ તો પરિણમે છે એની અવસ્થામાં અને જોડે જ છે. જ્ઞાનની જોડે જ પરિણમે છે, બાજુમાં જ પરિણમે છે. તો એમાં એ પોતાની સત્તાનો અસ્વીકાર કરે છે.

જે પોતાની સત્તા જ્ઞાનમાં સ્વીકારે છે તે પોતાની સત્તા રાગમાં સ્વીકારતા નથી. રાગને વૈભાવિક પરિણમન જાણે છે, એક રોગ જાણે છે અને એ રોગ એના સત્તાના અસ્વીકારથી અને કર્તૃત્વના અસ્વીકારથી એને ટાળે છે. એમ ટાળવાની પણ રીત જાણે છે. કેમ કે ટાળવાયોગ્ય જાણે છે ને? કે આ ટાળવા યોગ્ય છે. રોગ ટાળી નાખવા યોગ્ય છે તો એની વિધિ પણ એ જાણે છે કે એની અવગણના કરવાથી તે જશે.

મુમુક્ષુ :- રાગ કરે છે કે રાગ જાણે છે? બેમાંથી...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવની મુખ્યતાથી કહીએ તો જાણે છે. પણ દ્રવ્યાનુયોગનો ચોખ્ખો વિષય લેવો હોય તો ત્યાં જીવ પોતે જ પરિણમ્યો છે રાગરૂપે. બીજો કોઈ નથી પરિણમ્યો. પણ એની અવગણના કરવી, એને ટાળવા માટે એની અવગણના કરવી. એ પણ સ્વમાની છે. જેમ સ્વમાની માણસની અવગણના કરો તો એ તમારે આંગણે ન આવે. એને માન-પાન આપો તો જ આવે. એને ઉચિત સત્કાર મળે તો જ આવે. નહિતર ન આવે. કહે, આપણી અવગણના થાય છે. ત્યાં કોઈ આપણને ગણતું નથી.

તો રાગ પણ એવી ચીજ છે કે જો એની અવગણના કરો (તો) એ ચાલ્યો જશે, ટળી જશે. પણ જો એને આદર આપો તો એ કાઢવો બહુ મુશ્કેલ છે. આ એની સ્થિતિ છે. એટલે ભલે આત્માનો ચારિત્રગુણ એટલે આત્મા રાગાંશરૂપે પરિણમતો હોવા છતાં આખો આત્મા એવો નથી. એક અંશ રાગાંશરૂપે આત્મા પરિણમતો હોવા છતાં, આખો આત્મા નથી. આખો આત્મા, અખંડ આત્મા તો જ્ઞાનમય છે એમ પોતે જાણે છે અને એક અંશમાં રોગ-વિભાવ-છે તે અવગણની ટાળવા યોગ્ય છે. દુર્લક્ષ કરીને ટાળવા યોગ્ય છે. એનો આદર કરવા યોગ્ય નથી. ઉપાધિકભાવ આદરવાયોગ્ય નથી, નિરુપાધિકભાવ છે તે આદરણીય છે એમ નિર્ણય કરીને, એમ વલણ કરે, એમ પરિણમે તો રાગ ટળે અને વીતરાગતા વધે અને પરિપૂર્ણ વીતરાગતા થાય. આ એની રીત છે.

નક્કી કરવા માટે બધો વિચાર કરે પણ વલણ ક્યાં કરવું એ પાછી વાત છે. એક વાત વિચારથી નક્કી કરી અને વલણ જો ઊંધું રાખે તો એણે નક્કી શું કર્યું? સત્ય અને અસત્ય બે જાણ્યું કે આ અસત્ય છે અને આ સત્ય છે. પછી અસત્ય પ્રત્યે વલણ રહ્યું તો એણે જાણ્યું શું? કે એણે કાંઈ નથી જાણ્યું.

મુમુક્ષુ :- જાણે છે તો પણ થાય જ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એનું વલણ ફેરવતો નથી. એણે જ્ઞાન અને રાગ બે જાણ્યા. તો આત્મા જ્ઞાનસ્વભાવી

છે, હુંપણું જ્ઞાનમાં અનુભવાય છે, જે રીતે જ્ઞાનક્રિયા થતી માલૂમ પડે છે, તે રીતે ક્રોધાદિ ક્રિયા થતી માલૂમ પડતી નથી. એટલે કે જો જ્ઞાનના આધારે, જ્ઞાનક્રિયાના આધારે પોતાની સત્તાનું ગ્રહણ થાય તો રાગાદિ ક્રિયામાં પોતાની સત્તાનો અનુભવ નહિ થાય. જાણશે કે આત્મા પોતે રાગાંશરૂપે પરિણમે છે તો પણ પોતાની સત્તાનો અનુભવ નહિ થાય. એ પરતત્ત્વ છે એમ જણાશે. અને જેને રાગમાં હુંપણું અનુભવાય છે, એટલે રાગક્રિયામાં ક્રોધાદિ ક્રિયામાં પોતાની સત્તાનો અનુભવ થાય છે તે જ્ઞાન થાય છે એમ જાણે છે તો પણ જ્ઞાનમાં હુંપણું કરી શકતો નથી.

અહીંયાં ઊલટી સ્થિતિનો વિચાર કરીએ તો અનાદિથી જીવ રાગમાં હુંપણે, રાગમાં પોતાની સત્તાનો સ્વીકાર કરીને પરિણમી રહ્યો છે. તો એને ખબર નથી કે જ્ઞાન થાય છે? જાણવારૂપ જ્ઞાન થાય છે એને ખબર છે. છતાં જ્ઞાનમાં એને અહંપણું નથી આવતું. નિયમ એવો છે કે બેમાંથી એક જગ્યાએ એ સત્તાને સ્થાપી શકે. બે વિરુદ્ધ ભાવમાં એ સત્તાને સ્થાપી ન શકે. કેમ કે બે વિરુદ્ધ ભાવમાં વલણ નથી થઈ શકતું. જ્યાં સત્તાને સ્થાપે છે ત્યાં એનું વલણ થાય છે. હવે રાગાદિ વિભાવમાં જો પોતાની સત્તાને સ્થાપે છે તો એનું વલણ રાગ તરફી રહે છે અને રાગ એને ક્યારેય મટતો નથી. ભલે અનંત કાળ જાય તો પણ ન મટે.

મુમુક્ષુ :- રાગ છે તે એના જ ચારિત્રગુણની પર્યાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એના ચારિત્રગુણની પર્યાય હોવા છતાં એનું પ્રયોજન શું છે? રાગ કરવાનું છે? દુઃખ કરવાનું છે? પ્રયોજન તો એને શાંતિ જોઈએ છે. કયા જીવને અશાંતિ જોઈએ છે? જીવને શાંતિ જોઈએ છે. તો ભલે બેય એના પરિણમન હોવા છતાં એને હવે પ્રયોજન સિદ્ધ કરવું છે કે નહિ, આ સવાલ છે. રાગ મારા ચારિત્રગુણની પર્યાયમાં થાય છે માટે હું કેમ મારો ન માનું? એમ કરીને પક્કડ કરવી?

અહીં તો એમ કહે છે કે તારા બે ગુણ પરિણમે છે. જાણપણારૂપ જ્ઞાન, અને વિકલ્પરૂપ ચારિત્ર બેય ગુણનું પરિણમન છે. તારે ક્યાં વલણ રાખવું છે અને તારે શું જોઈએ છે? જો શાંતિ જોઈતી હોય તો જ્ઞાની એમ કહે છે કે તું જ્ઞાન પ્રત્યે વલણ કર. જો તારે શાંતિ ન જોઈતી હોય તો અનાદિનું રાગ પ્રત્યે તારું વલણ છે, કાંઈ નવું કરવાનું તારે રહેતું નથી. એ તો તારુ ચાલુ જ છે. કાંઈ શીખવાની જરૂર નથી. અશાંતિમાં રહે. પણ અશાંતિ તને આકરી પડશે. તારું સત્ય સ્વરૂપ તો જ્ઞાનમય છે. રાગમય તારું સત્યસ્વરૂપ નથી. છતાં તું અસત્‌નું વલણ કરે તો તને એ આકરું પડશે. કેમ કે તારી ત્રસ દશા છે એ મર્યાદિત છે. અત્યારે ભલે એ દુઃખ તને તીવ્ર ન લાગતું હોય પણ એવા તીવ્ર દુઃખમાં ધકેલાઈ જઈશ કે પછી આરોવારો નથી અનંત કાળ સુધી. આ પરિસ્થિતિ છે. દુઃખ જોઈએ છે? કે નહિ. દુઃખ જોઈતું નથી. સુખ જોઈએ છે? તો તારું વલણ તું આત્મા પ્રત્યે, આત્મા તરફનું, જ્ઞાન તરફનું તારું વલણ કર.

**'અને ઔપાધિકભાવ છે તે બધો છોડવા યોગ્ય છે અને નિરુપાધિકભાવ છે તે આદરણીય છે-એમ દ્રવ્યશ્રુત વડે...'** એટલે સત્પુરુષોના વચનને દ્રવ્યશ્રુત કહે છે. આચાર્યોના, જ્ઞાનીઓના, કેવળીઓના, સત્પુરુષોના વચનને દ્રવ્યશ્રુત કહેવામાં આવે છે. તે દ્રવ્યશ્રુત વડે તું નિર્ણય કર. એના વડે નિર્ણય કર. કેમ કે એ અનુભવી પુરુષોના અનુભવપૂર્ણ વચનો છે. અને એ રીતે નિર્ણય કરતા એવો નિર્ણય કરનારને દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય એનો પણ નિર્ણય હોય છે અથવા એને એવો નિર્ણય થાય છે. એવો નિર્ણય હોય છે અથવા એવો નિર્ણય એને થાય છે.

**'તે દ્રવ્યશ્રુતજ્ઞાનવાળો નિર્વિકલ્પ ભાવશ્રુતજ્ઞાન વડે આત્માને પકડે તેને એવી શાંતિનું કારણ પ્રગટ કરીને પૂર્ણ શાંતિ પ્રાપ્ત કરે છે.'** આમ તો શું છે કે જીવને કષાયની તીવ્રતાનો અને કષાયની મંદતાનો અનુભવ છે. પણ કષાયરહિતપણાનો ક્યારેય એને અનુભવ નથી. એકવાર પણ જો એને એ સ્વાદ ચાખવા મળે, જેને અહીંયાં નિર્વિકલ્પ ભાવશ્રુતજ્ઞાન કહ્યું છે, જ્યારે આત્માને નિર્વિકલ્પ ભાવશ્રુતજ્ઞાન પ્રગટે છે ત્યારે એને આત્માની શાંતિ સાથે સાથે પ્રગટે છે. શાંતિનો આસ્વાદ

આવે છે. અને એ શાંતિનો આસ્વાદ કરે ત્યારે એને એક એવી ભાવના ઉત્પન્ન થાય છે, એ એવી ભાવના છે તે હવે પછીની અનંત કાળાવલી આવા આત્મતત્ત્વના ભોગવટામાં જ વહો. આવે છે? નિયમસારનું આ વચન છે. ભાવનાનો ગ્રંથ છે ને!

નિયમસાર છે એ કુંદકુંદાચાર્યદેવને સ્વરૂપની ભાવના જે ઉત્કૃષ્ટ થઈ એમાંથી રચના થઈ તે નિયમસાર નામનો ગ્રંથ છે. તો એ વાત કરી છે એમણે કે હવે પછીની અનંત કાળાવલી આત્મતત્ત્વના ભોગવટામાં વહો. આવી નિરાકુળ શાંતિ, આવો નિરાકુળ શાંતસ્વભાવ, એવી ચમત્કારિક શાંતિ છે કે જેની પાસે એક સૂક્ષ્મમાં સૂક્ષ્મ, ઘણો પાતળો કષાયની મંદતાનો વિકલ્પ એ પણ એને દઝાડે છે. જેમ માછલી પાણીની બહાર નીકળે ને તરફડીયું મારે એમ. માછલી પાણીની બહાર ઊડીને પડે કાંઠે અને રેતી ઠંડી હોય તો પણ એને સુહાતું નથી. પડી હોય. ટાઢી મજાની રેતી છે, ચાલો અહીંયાં સૂઈ રહીએ હવે થોડીવાર. ત્યાં પણ તરફડાટ નાખે. તો ગરમ રેતીમાં એની શું દશા થાય? કેમ કે એનો સ્વભાવ એટલો શીત છે કે આ પાણીનો જીવ પાણીમાં જ રહી શકે. પાણીની બહાર ન રહી શકે.

એમ જેણે આત્માની શાંતિ વેદી છે એ લાખ વાતે પણ કષાયના એક કણને મંજૂર કરવા ઊભો રહે નહિ. મંજૂર કરી શકે નહિ. લાખ વાતે નહિ, કોઈ વાતે નહિ. એને તો હવે પછીની અનંત કાળાવલી આત્મતત્ત્વના ભોગવટામાં વહો એ જ એની ભાવના હોય. બીજી એની ભાવના ન હોય.

મુમુક્ષુ :- સ્વાધ્યાય મંદિરની બહાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ ચાકળો છે એ મૂળ નિયમસારમાંથી લીધેલો વિષય છે.

કહે છે કે '**તે દ્રવ્યશ્રુતજ્ઞાનવાળો...**' પહેલા જે દ્રવ્યશ્રુતથી નિર્ણય કરે છે તે જીવ '**નિર્વિકલ્પ ભાવશ્રુતજ્ઞાન વડે...**' પછી હવે ભાવશ્રુતજ્ઞાન લેવું છે તો એ વિકલ્પવાળું નહિ. દ્રવ્યશ્રુત છે એ તો શાસ્ત્ર છે. અને આત્માને જે જ્ઞાન દ્રવ્યશ્રુતને નિમિત્તે ચાલ્યું તેને ભાવશ્રુત કહેવું કે નહિ? એ ભાવશ્રુત નહિ. જે જ્ઞાન દ્રવ્યશ્રુતના આશ્રયે દ્રવ્યશ્રુતના નિમિત્તે હજી પ્રવર્તે છે તે જ્ઞાનપણ હજી ભાવશ્રુત નથી. છે એ જ્ઞાનનો ભાવ, પુદ્ગલ નથી. છતાં પણ એ જ્ઞાન સ્વરૂપના આશ્રયે નથી અને શાસ્ત્રના આશ્રયે છે ત્યાં સુધી ભાવશ્રુત નથી. કેમ કે વિકલ્પાત્મક છે. શાસ્ત્રના નિમિત્તે પ્રવર્તતું જ્ઞાન વિકલ્પાત્મક છે, વિકલ્પસહિત પરિણમે છે. તે જ્ઞાન પણ ભાવશ્રુતજ્ઞાન નહિ.

એવું બતાવવા માટે અહીંયાં ગુરુદેવે એ શબ્દનો ઉપયોગ કર્યો છે કે '**નિર્વિકલ્પ ભાવશ્રુતજ્ઞાન વડે આત્માને પકડે...**' જ્યારે જ્ઞાન અંતર્મુખ થઈને નિર્વિકલ્પ આત્મતત્ત્વમાં એકાકાર થાય, તદાકાર થાય અને એ રીતે પોતાના સ્વરૂપનું ગ્રહણ થાય ત્યારે એણે નિર્વિકલ્પ ભાવશ્રુતજ્ઞાન વડે આત્માને પકડ્યો એમ કહેવામાં આવે છે. ગ્રહણ કર્યો કહો કે પકડ્યો એમ કહો. પકડવું અથવા ગ્રહણ કરવું.

મુમુક્ષુ :- નિર્વિકલ્પ...

પૂજ્ય ભાઈશ્રી :- નિર્વિકલ્પ પણ એક ભાવ છે. જેમ સવિકલ્પ એક ભાવ છે, રાગ પણ એક ભાવ છે. એમ જ્ઞાન પણ ભાવ છે અને નિર્વિકલ્પ જ્ઞાન પણ એક ભાવ છે. આત્માનો ભાવ છે, પ્રગટ ભાવ છે. ભાવ એટલે વિકલ્પ એમ નહિ. જેટલા ભાવ એટલા વિકલ્પ અને જેટલા વિકલ્પ એટલા ભાવ એમ નહિ. વિકલ્પ ભલે એક ભાવ છે, તો જ્ઞાન પણ એક ભાવ છે, રાગ પણ એક ભાવ છે અને જ્ઞાન પણ એક ભાવ છે. જ્ઞાનમાં એ સવિકલ્પાત્મક એટલે કે જ્ઞેયાકારે જ્ઞાન થવું પણ એક ભાવ છે. અને આત્મા જે નિર્વિકલ્પ અભેદ તત્ત્વ છે એના આકારે થવું જ્ઞાનનું એ પણ એક ભાવ છે. ભાવશ્રુત જ્ઞાનનો...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ભાવ એટલે ભાવ. પણ અહીંયાં નિર્વિકલ્પ ભાવ લેવો છે. ભાવ એટલે આત્માનો ભાવ. પછી રાગને ભાવ કહેવાય, જ્ઞાનને ભાવ કહેવાય, પરિણામમાત્રને ભાવ કહેવાય. જીવના તમામ પરિણામને ભાવ કહી શકાય. પણ જેને ભાવશ્રુત કહીએ તે ભાવશ્રુત આત્માના સ્વભાવના આશ્રયે પ્રગટેલું જ્ઞાન તેને

ભાવશ્રુતજ્ઞાન કહીએ. જે શ્રુતજ્ઞાન સ્વભાવને આશ્રયે પ્રગટે તે ભાવશ્રુતજ્ઞાન છે. એમ આત્મામાં ને આત્મામાં દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત લાગુ પડે છે.

જે વિકલ્પાત્મક જ્ઞાન છે, દ્રવ્યશ્રુતના આધારે થયેલું તે દ્રવ્યશ્રુત છે. બહારમાં શાસ્ત્ર દ્રવ્યશ્રુત છે, આનું વિકલ્પાત્મક જ્ઞાન પણ દ્રવ્યશ્રુત છે. અને આત્મામાં જે જ્ઞાન અંતર્મુખ વળીને નિર્વિકલ્પ થયું તે ભાવશ્રુતજ્ઞાન છે. જેમાં આત્માનો રસ ભારોભાર ભર્યો છે એવું જે જ્ઞાન આત્માની સાથે અભેદ થઈ ગયું. તો આત્મા નિર્વિકલ્પ હતો. આત્મા તો અનાદિથી નિર્વિકલ્પ હતો, જ્ઞાન પણ નિર્વિકલ્પ થઈ ગયું. એને નિર્વિકલ્પ ભાવશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. જેને શુદ્ધોપયોગમાં નિર્વિકલ્પ દશા કહી છે એ ભાવશ્રુત જ્ઞાનની નિર્વિકલ્પ દશા છે શુદ્ધઉપયોગમાં, જે પ્રથમ સમ્યગ્દર્શનના કાળમાં પ્રગટ થાય છે.

તેવા '**ભાવશ્રુતજ્ઞાન વડે આત્માને પકડે તેને એવી શાંતિનું કારણ પ્રગટ કરીને...**' ત્યાં શાંતિ પ્રગટી. ભાવશ્રુતજ્ઞાન કારણ છે અને શાંતિ પ્રગટ થવી તે કાર્ય છે. આમ પરસ્પર નિમિત્ત નૈમિત્તિક સંબંધ લઈને કાર્ય-કારણ ઉતાર્યું છે. આત્માને નિર્વિકલ્પ ભાવશ્રુતજ્ઞાન પ્રગટવું તે કારણ છે અને આત્માની નિર્વિકલ્પ શાંતિ પ્રગટવી તે તેનું કાર્ય છે. એવું કારણ પ્રગટ કરીને- ભાવશ્રુતજ્ઞાન પ્રગટ કરીને પોતે શાંતિ પ્રગટ કરે અને એ શાંતિ પૂર્ણ શાંતિ આ પ્રકારે પ્રાપ્ત કરે છે. આ એક જ શાંતિનો ઉપાય છે. બાકી જગતમાં ક્યાંય શાંતિ નથી અને ક્યાંય સુખ નથી. કહેવાની જરૂર નથી કે બધે અશાંતિ ને દુઃખ, દુઃખ ને દુઃખ જ છે. ક્યાંય શાંતિ ને સુખ છે નહિ.

મુમુક્ષુ :- પ્રયોગમાં ઉતારીને (નક્કી કરવું).

પૂજ્ય ભાઈશ્રી :- એવો જ વિષય છે. બહારમાં લોકો કહે છે કે અમે તો સુખી છીએ. પાણી માગીએ ત્યાં અમને દૂધ મળે છે. સામ, દામ ને ઠામ અમારે છે. જ્ઞાનીઓ એમ કહે છે, ગુરુદેવ કહેતા કે ભાઈ! બાપુ! તને હરખ સનેપાત થયો છે. આ તો તું ઘણા દુઃખમાં ચાલ્યો જઈશ. એવું છે ભાઈ! કે આ મનુષ્ય જન્મમાં જીવ આવે છે. આપણે તો મનુષ્યગતિમાં છીએ એટલે આપણો જ વિચાર કરવો રહ્યો. પૂર્વકર્મના યોગે જે કાંઈ બહારમાં સંયોગ પૂર્વ પુણ્યના યોગે અનુકૂળતાના પ્રાપ્ત થાય છે તો એ છે તો પૂર્વકર્મનું કારણ. પણ આ જીવ મારા કરીને એટલો બધો રસ રેડી દે છે એની અંદર કે એ આખું આયુષ્ય ખતમ કરે છે એની પાછળ. ખલાસ કરે છે આખા આયુષ્યને.

બે પ્રકારે ભૂલ થાય છે. એક, આ સંયોગમાં ભૂલ થાય છે આવી અનુકૂળતાના રસમાં. અને જેને પ્રતિકૂળતા હોય એને અનુકૂળતા મેળવવાનો રસ ચડે. એટલે એની એ વાત થઈ. અને એક બીજો રસ ચડે છે ક્ષયોપશમ જ્ઞાનનો. જે ઇન્દ્રિયજ્ઞાન છે, જેને બુદ્ધિ કહે છે એ જો પૂર્વકર્મના કારણે એનો ક્ષયોપશમ વિશેષ હોય, એમાં પણ કારણ પૂર્વકર્મનું છે તો એનો રસ ચડે. તો એ અતીન્દ્રિય જ્ઞાનથી ઘણો દૂર જાય છે.

જેમ સંયોગના રસવાળો જીવ અસંયોગી આત્મતત્ત્વથી બહુ દૂર ચાલ્યો જાય છે, એવો જ ઇન્દ્રિયજ્ઞાનના રસવાળો જીવ અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવથી અત્યંત અત્યંત દૂર ચાલ્યો જાય છે. આ બે જગ્યાએ સાવધાની અને સાવચેતી રાખવાની જરૂર છે. જો અહીંયાં ચેતે કે ગમે તેમ હોય એ પ્રકાર પણ કર્મકૃત છે એ. સ્વભાવ જુદી વાત છે અને જુદો વિષય છે. આ કર્મકૃત છે. એમ કરીને એની કિંમત કાઢી નાખે, એની તુચ્છતા કરી નાખે. સંયોગની. ભલે અનુકૂળતા હો કે પ્રતિકૂળતા હો, બન્નેને તુચ્છ ગણે. ઉઘાડ ગમે તેટલો હોય તો પણ એને તુચ્છ ગણે. અને એક સ્વભાવનો આદર કરવાનું લક્ષ રાખે તો જ બચે. નહિતર રસ ચડ્યા વિના રહે નહિ. આ પરિસ્થિતિ છે. એ જે રસ ચડી જાય છે આખું આયુષ્ય એમાં ચાલ્યું જાય.

અહીંયાં નિર્ણયપૂર્વક આત્મસ્વરૂપનું ગ્રહણ કરીને નિર્વિકલ્પ ભાવશ્રુતજ્ઞાન દ્વારા શાંતિને પ્રગટ કરીને પૂર્ણ શાંતિ પ્રાપ્ત કરવાની એક જ બોલમાં વાત કરી દીધી છે. ટૂંકામાં પણ જેમ ગાગરમાં સાગર ભર્યો હોય એવો વિષય લીધો છે. (અહીં સુધી રાખીએ....)



## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

**પ્રશ્ન :-** જ્ઞાનીને કર્મનો તીવ્ર ઉદય આવે ત્યારે શું શંકા નહિ પડતી હોય કે મારો નિર્ણય પલટી તો નહિ જાય ને?

**સમાધાન :-** તેને શંકા પડતી જ નથી, તેની સહજધારા જુદી જ રહે છે. જે ક્ષણે વિકલ્પ આવે તે ક્ષણે પણ જ્ઞાયકની ધારા રહે છે, પછી તેને યાદ કરવું પડતું નથી. પોતાનું-જ્ઞાયકનું-અસ્તિત્વ ગ્રહણ થયું તે જ્ઞાયકની જોરદાર પરિણતિ તેની સાથે રહે છે, તેથી વિકલ્પમાં તન્મય થતો જ નથી, ન્યારો રહે છે. વિકલ્પ આવે છતાં તે ન્યારો રહીને આવે છે. પોતાના સહજ અસ્તિત્વની-જ્ઞાયકની-પરિણતિપૂર્વક તે વિકલ્પ હોય છે અને તે જુદો રહે છે. તેમાં શંકા પડતી જ નથી.

**(સ્વાનુભૂતિ દર્શન - ૫૮૪)**

❉

**પ્રશ્ન :-** ધારણાજ્ઞાન સુધી આવે છે, સમજણમાં પણ બેસે છે, પણ પરિણતિ બદલાતી નથી, તો તેનો કોઈ ઉપાય?

**સમાધાન :-** જે એકત્વબુદ્ધિની પરિણતિ થઈ રહી છે તે પરિણતિને ન્યારી કરતો નથી. નિર્ણય થઈ ગયો છે કે આ હું જુદો જ છું, જ્ઞાયક છું. પણ ક્ષણે ક્ષણે જે વિકલ્પોની સાથે એકત્વબુદ્ધિ કરી રહ્યો છે-એકત્વ થઈને પરિણમી રહ્યો છે-તે એકત્વને તોડતો નથી એટલે પરિણતિ બદલાતી નથી. એકત્વ તોડવાનો પ્રયાસ કરે તો તે પ્રયાસ પહેલાં અભ્યાસરૂપે થઈ શકે છે. એકત્વબુદ્ધિ તોડવાનો અભ્યાસ ચાલે છે તો પણ એકત્વબુદ્ધિની પરિણતિ થઈ રહી છે. તે સ્થિતિમાં સહજ નથી એટલે વિચાર કરવો પડે છે કે હું જુદો છું. એમ વિચારપૂર્વકનો અભ્યાસ હોય છે, સહજ નથી. સ્વાનુભૂતિ થાય ત્યારે જ સહજ થાય છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૫૮૫)**

❉

**પ્રશ્ન :-** દૃષ્ટિ, જ્ઞાન અને અંશે સ્વરૂપાચારણ ચારિત્ર એ બધું શું સાથે જ હોય છે?

**સમાધાન :-** દૃષ્ટિનો વિષય અખંડ દ્રવ્ય છે. દૃષ્ટિ તેને ગ્રહણ કરે, જ્ઞાન બધું જાણે અને ચારિત્રમાં લીનતા થાય-આ બધું એકસાથે છે. વિશેષ ચારિત્ર ભલે પછી થાય; પણ શરૂમાં બધું સાથે જ પ્રગટે છે. દૃષ્ટિનો વિષય મુખ્ય હોય અને જ્ઞાન બધું જાણે અર્થાત્ ભેદજ્ઞાન કરે કે આ હું છું ને આ હું નથી. સ્વ રૂપે છું, ને પર રૂપે નથી એમ સ્વ-પરનો પ્રકાશ જ્ઞાન કરે. દૃષ્ટિ એક પોતાને-અખંડને ગ્રહણ કરે, જ્ઞાન બધાને જાણે અને સ્વરૂપાચારણ ચારિત્ર અંશે હોય-આમ બધું સાથે હોય છે.

**(સ્વાનુભૂતિ દર્શન - ૫૮૬)**

❉




૬૯૬

**મુંબઈ, અષાડ વદ ૮, રવિ, ૧૯૫૨**

**'એક ધારાએ વેદવા યોગ્ય પ્રારબ્ધ વેદતાં કંઈ એક પરમાર્થ વ્યવહારરૂપ પ્રવૃત્તિ કૃત્રિમ જેવી લાગે છે, અને તે આદિ કારણથી માત્ર પહોંચ લખવાનું પણ કર્યું નથી. ચિત્તને સહેજ પણ અવલંબન છે તે ખેંચી લેવાથી આર્ત્તતા પામશે, એમ જાણી તે દયાના પ્રતિબંધે આ પત્ર લખ્યું છે.'**

પૂર્વપ્રારબ્ધ, પુરુષાર્થની એક ધારાએ વેદવા યોગ્ય છે-એવો તેઓશ્રીનો અભિપ્રાય છે, અને પુરુષાર્થ પણ છે. તે પ્રકારે પ્રારબ્ધને વેદતાં બીજા કોઈ પરમાર્થ વ્યવહારરૂપ પ્રવૃત્તિ (પત્ર લખવો કે ધર્મચર્ચા) કરવી પડે તે સહજ થઈ શકે તેમ ન હોવાથી, તેવી પ્રવૃત્તિ કૃત્રિમ જેવી લાગે છે. પુરુષાર્થની મુખ્યતામાં વ્યવહાર-પ્રવૃત્તિ ગૌણ કરવાયોગ્ય છે. તેથી પ્રવૃત્તિ કરવા ઇચ્છા નથી. છતાં તે પ્રવૃત્તિ કરવી પડે તો તેમાં સહજતા રહેતી નથી, અને સૂક્ષ્મપણે અવલોકન કરતાં અલ્પ કૃત્રિમતા લાગે છે; તેથી મુમુક્ષુઓના આવેલ પત્રોની માત્ર પહોંચ લખવાનું પણ થયું નથી. મુમુક્ષુઓ સાથે પરમાર્થ-વિષયક પત્રો લખવામાં મનને થોડું બાહ્ય અવલંબન રહે છે, તેટલું અવલંબન પણ પાછું ખેંચી લેવાથી, કદાચ ચિત્ત આર્ત્તતા અનુભવશે, ('હું નહીં,' કારણ કે 'ચિત્તથી હું ભિન્ન છું', મારે બાહ્ય આલંબનની આવશ્યકતા પણ નથી, તેવો ભિન્ન ભાવ ચિત્ત પ્રત્યે અહીં વ્યક્ત થાય છે). એમ જાણી તે ચિત્ત પ્રત્યે દયાના રાગરૂપ પ્રતિબંધથી આ પત્ર લખેલ છે.

❈

૬૯૭

**મુંબઈ, અષાડ વદ ૮, રવિ, ૧૯૫૨**

**'આત્માને મૂળજ્ઞાનથી ચલાયમાન કરી નાંખે એવા પ્રારબ્ધને વેદતાં આવો પ્રતિબંધ તે પ્રારબ્ધને ઉપકારનો હેતુ થાય છે, અને કોઈક વિકટ અવસરને વિષે એકવાર આત્માને મૂળજ્ઞાન વમાવી દેવા સુધીની સ્થિતિ પમાડે છે એમ જાણી, તેથી ડરીને વર્તવું યોગ્ય છે, એમ વિચારી પત્રાદિની પહોંચ લખી નથી; તે ક્ષમા કરવાની નમ્રતાસહિત પ્રાર્થના છે.'**

કૃપાળુદેવનો આ લાક્ષણિક પ્રત્યુત્તર છે. ઉદયકાળે ઉદયપ્રસંગને, ભિન્ન રહીને, વેદવાના પુરુષાર્થનું અહીં દર્શન થાય છે. પોતે સતતપણે અંતરપુરુષાર્થમાં એટલા નિમગ્ન છે કે પરમાર્થ વિષયક પત્રવ્યવહાર પણ છૂટી જાય છે.

તેઓશ્રીને એવો પ્રારબ્ધનો વિકટ ઉદય આ અવસરે વર્તે છે કે તે આત્માને મૂળજ્ઞાનથી ચલાયમાન કરી નાખે; અને જો વિશેષપણે સ્વરૂપસાવધાની ન રહે તો એક વાર આત્માને નિજજ્ઞાનથી વમાવી દેવા સુધીની પરિસ્થિતિ થઈ જાય; તેમ જાણી-ડરીને વર્તવું યોગ્ય છે-એવા વિચારથી, પત્રાદિની પહોંચ સુદ્ધાં લખાયેલ નહિ.-એવા વર્તનમાં, તેઓશ્રીનો અસાધારણ વિચક્ષણતાના દર્શન થાય છે. આત્મકાર્યને અનુલક્ષીને તો તે યોગ્ય જ કર્યું છે. તો પણ સામા જીવને વ્યવહારે અનુકૂળ નહિ હોવાથી, લોકોત્તર સજ્જનતાપૂર્વક, નમ્રતાપૂર્વક તેમણે ક્ષમા યાચી છે. પોતે એક અસાધારણ મહાપુરુષ હોવા છતાં માનાદિની કલ્પના છોડીને, મુમુક્ષુની જિજ્ઞાસાને ન્યાય આપી શકતા નથી, એમ જાણી, ક્ષમા યાચી છે.

જ્ઞાનીપુરુષની આ પ્રકારની આશયગંભીરતા, ધીરજ, ઉપશમ અને પુરુષાર્થપ્રધાનપણે પ્રવર્તવાની કાર્યપદ્ધતિ ખરેખર અત્યંત આશ્ચર્યકારક છે! અત્યંત ભક્તિએ નમસ્કાર હો! તેઓશ્રીનાં લોકોત્તર ગુણગંભીરપણાને.

❈